મહાનગરપાલિકાની કાર્યશૈલી સામે ફરી એકવાર લોકોમાં અસંતોષ ઉફાણે ચઢ્યો

નવસારીમાં સારા રસ્તા તોડી નાંખતી પાલિકા

જે રસ્તો મજબૂત, સમતળ અને ઉપયોગમાં સંપૂર્ણ યોગ્ય હતો, તેને જેસીબી વડે તોડી ફરી બનાવવાની કામગીરી શરૂ કરી

શહેરમાં ઘણા ખરાબ રસ્તાઓ વર્ષોથી રિપેરિંગની રાહ જોઈ રહ્યા છે, જ્યાં તંત્રની નજર નથી પહોંચતી

નવસારી : નવસારી શહેરમાં મહાનગરપાલિકાની કાર્યશૈલી સામે ફરી એકવાર લોકોમાં અસંતોષ ઉફાણે ચઢ્યો છે. ડી-માર્ટ પાસે સૂર્યમ બંગ્લોઝ વિસ્તારના અગ્રવાલ રોડ પર ચાલી રહેલી કામગીરીએ વિકાસના દાવાઓ પર જ પ્રશ્નચિન્હ મૂકી દીધું છે. કારણ કે જે રસ્તો મજબૂત, સમતળ અને ઉપયોગમાં સંપૂર્ણ યોગ્ય હતો, તેને જીસીબી વડે તોડી ફરી બનાવવાની કામગીરી શરૂ થતા સ્થાનિકો ચોંકી ઉઠ્યા છે.

સ્થાનિક રહીશોનું કહેવું છે કે આ રસ્તા પર કોઈ મોટી સમસ્યા નહોતી અને વાહન વ્યવહાર સરળતાથી ચાલતો હતો. છતાં પણ પાલિકાએ અચાનક આ રોડને ઉખેડી નાખતા લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. બીજી તરફ શહેરના ઘણા વિસ્તારોમાં ખરાબ હાલતમાં આવેલા રસ્તાઓ વર્ષોથી રિપેરિંગની રાહ જોઈ રહ્યા છે, જ્યાં તંત્રની નજર જ નથી પહોંચી રહી.

આ પરિસ્થિતિએ શહેરમાં ચર્ચાનો વિષય ઉભો કર્યો છે કે શું વિકાસનો અર્થ હવે માત્ર "કામ બતાવવાનો" રહી ગયો છે? લોકો ખુલ્લેઆમ સવાલ કરી રહ્યા છે કે જ્યાં ખરેખર જરૂર છે ત્યાં કામ કેમ નથી થાય? સારા રસ્તા તોડી જનતાના ટેક્સના પૈસાનો આ રીતે બગાડ કેમ કરવામાં આવે છે? શું આ કામો પાછળ કોઈ અન્ય હિતો તો નથી ને?

ટાર્ગેટ પૂર્ણ કરવા અથવા ચોક્કસ વર્ગને લાભ આપવાની કામગીરી

નાગરિકોમાં એવી પણ ચર્ચા છે કે આવી કામગીરી માત્ર ટાર્ગેટ પૂર્ણ કરવા અથવા ચોક્કસ વર્ગોને લાભ આપવા માટે કરવામાં આવી રહી હોય શકે. પરિણામે હવે લોકો પાલિકા તંત્રની પ્રાથમિકતાઓ અને પારદર્શિતાને લઈને સવાલ ઉઠાવી રહ્યા છે. આ મુદ્દો હવે માત્ર એક રોડ સુધી મર્યાદિત રહ્યો નથી, પરંતુ નવસારીમાં 'વિકાસ'ના નામે થઈ રહેલી કામગીરીની દિશા અને નીતિ પર જ ગંભીર ચર્ચા જગાવી રહ્યો છે.

રાજીનામા બાદ ભાજપનું ડેમેજ કન્ટ્રોલ, જલાલપોરમાં નવી ટીમ જાહેર

50થી વધુ હોદ્દેદારોએ રાજીનામા આપતા સંગઠનમાં ખળભળાટ મચી ગયો હતો

સંજય પટેલને પ્રમુખ તરીકે નિયુક્ત કરાયા

નવસારી : નવસારી જિલ્લા ભાજપની તાજેતરની રચનામાં જલાલપોર વિધાનસભા વિસ્તારને મહામંત્રી જેવા મહત્વના પદમાં સ્થાન ન મળતા ઉભી થયેલી નારાજગી હવે ખુલ્લી પડી ગઈ હતી. 50થી વધુ હોદ્દેદારોએ રાજીનામા આપતા સંગઠનમાં ખળભળાટ મચી ગયો હતો.

આ તંગ પરિસ્થિતિ વચ્ચે ભાજપે ઝડપી પગલું ભરતાં જલાલપોર તાલુકા મંડળની નવી કાર્યકારિણી જાહેર કરી છે. જિલ્લા અને પ્રદેશ નેતૃત્વ સાથેની ચર્ચા બાદ આ નવી ટીમની રચના કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

નવી રચનામાં સંજય પટેલને પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે રાજકીય રીતે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

સંગઠનને ફરી એકજૂટ કરવા અને નારાજ કાર્યકર્તાઓને મનાવવા આ નિર્ણયને 'ડેમેજ કન્ટ્રોલ' તરીકે જોવામાં આવી રહ્યો છે.

પાર્ટીના સૂત્રો અનુસાર, નવી ટીમ સ્થાનિક સ્તરે સંગઠનને નવી દિશા આપશે અને આગામી રાજકીય કાર્યક્રમોમાં સક્રિય ભૂમિકા ભજવશે. જિલ્લા ભાજપના આગેવાનો પણ આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે કે આ નવી રચના પક્ષને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે રાજીનામાઓ બાદ ઉભી થયેલી પરિસ્થિતિને કાબૂમાં લેવા ભાજપે આ પગલું લીધું છે અને હવે નજર રહેશે કે આ નવી ટીમ નારાજગી દૂર કરવામાં કેટલી સફળ સાબિત થાય છે.

તિથલ બીચ હવે પવન અને સૂર્યપ્રકાશથી ઝળહળતું થશે

સુરક્ષા માટે CCTV અને હાઈબ્રિડ સોલર સિસ્ટમ કાર્યરત

પ્રોજેક્ટ માત્ર સામાન્ય સ્ટ્રીટ લાઈટ પૂરતો મર્યાદિત નહીં પણ વિજ્ઞાન અને સુરક્ષાનો અદભૂત સંગમ

વલસાડ : દક્ષિણ ગુજરાતના પ્રખ્યાત સ્થળ તિથલ દરિયા કિનારાના વિકાસમાં હવે એક નવું છોગું ઉમેરાયું છે. પર્યાવરણની જાળવણી અને આધુનિક ટેક્નોલોજીના સમન્વય સાથે તિથલ ચોપાટી પર અત્યાધુનિક 'હાઈબ્રિડ સોલર અને વિન્ડ પાવર સિસ્ટમ' લગાવવાની કામગીરીનો પ્રારંભ થયો છે.

રામનવમીના પાવન પર્વે તિથલના સરપંચ રાકેશભાઈ દ્વારા આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માત્ર સામાન્ય સ્ટ્રીટ લાઈટ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં વિજ્ઞાન અને સુરક્ષાનો અદભૂત સંગમ જોવા મળે છે. આ ખાસ પ્રકારના પોલ પર સોલર પેનલની સાથે નાની પવનચક્કી પણ લગાવવામાં આવી છે. દરિયાકિનારે પવનની ગતિ વધુ હોવાથી રાત્રિના સમયે પણ વીજળી ઉત્પન્ન થતી રહેશે.

પ્રવાસીઓની સુરક્ષા માટે દરેક પોલ પર હાઈ-ડેફિનેશન CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે, જે 24 કલાક વિસ્તારનું મોનિટરિંગ કરશે. સેન્સર આધારિત આ લાઈટો અંધારું થતાની સાથે જ આપોઆપ ચાલુ થઈ જશે, જેનાથી માનવબળની જરૂરિયાત ઘટશે. સંપૂર્ણપણે કુદરતી સ્ત્રોતો પર નિર્ભર હોવાથી ગ્રામ પંચાયત પર વીજ બિલનું કોઈ વધારાનું ભારણ આવશે નહીં. આ આધુનિક સુવિધાને કારણે સ્થાનિક માછીમારો અને પ્રવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. અંધારાનો લાભ લઈને થતી અસામાજિક પ્રવૃત્તિઓ અને ચોરીના બનાવો પર હવે CCTVની મદદથી લગામ લાગશે. સ્થાનિક ગ્રામજનોએ આ પ્રોજેક્ટ માટે કલેક્ટર, DDO અને રાજ્ય સરકારનો આભાર માન્યો છે. માનવામાં આવે છે કે આ આધુનિકીકરણથી તિથલના પ્રવાસન ઉદ્યોગને નવી ઊંચાઈ મળશે.

ગણદેવી સુગરમાં ઈથેનોલ ભરેલા ટેન્કરમાં આગ, 6 કર્મી ઘાયલ

ઈસીસ ગ્રુપે મોકડ્રિલ હોવાનું જાહેર કરતાં સુગર પરિવારે અને બચાવ ટીમે રાહતનો શ્વાસ લીધો

બીલીમોરાઃ ગણદેવી સુગર ફેક્ટરીના કાંટા ગેટ પાસે શુક્રવાર સવારે આલ્કોહોલ ભરેલા ટેન્કરના પાઈપમા લીકેજને પગલે આગ લાગી હતી. ફાયર અને સુગરની ટીમે ૬ ઘાયલ કર્મચારીઓ ને સલામત બહાર કાઢ્યા હતા. જે બાદ જિલ્લા ક્રાઈસીસ ગ્રુપે મોકડ્રિલ હોવાનું જાહેર કરતાં સુગર પરિવાર અને બચાવ ટીમે રાહતનો શ્વાસ લીધો હતો.

શુક્રવારે સવારે ૯:૧૩ મિનિટે આલ્કોહોલ (ઈથેનોલ) ભરેલા ટેન્કરના પાઈપમાં લીકેજને પગલે આગ લાગી હતી. શિફ્ટ ઈન્ચાર્જ પોતાની સાથે શ્રમયોગીને લઈને ત્વરિત ઘટના સ્થળે પહોંચે છે અને આગ હોલવવાના પ્રયાસ સાથે ઈમરજન્સી સાયરન વગાડી હતી. સાઈટમેન કંટ્રોલરે તંત્રને ઓફસાઈટ ઈમરજન્સી અંગે જાણ કરી હતી અને તે સાથે સુગર ફેક્ટરી ટીમે ફાયર સિલિન્ડર વડે આગને કાબૂમાં કરવા કવાયત હાથ ધરી હતી. દરમિયાન ગણદેવી, બીલીમોરા અને નવસારી ફાયર ટીમો, સીએચસી-પીએચસી મેડિકલ ટીમ, એમ્બ્યુલન્સ, પોલીસ, ગેસ, વીજ કંપની, મામલતદાર, ફેકટરી ઈન્સ્પેક્ટર, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓ સહિતની ટીમો ગણતરીના સમયમાં પહોંચી હતી. તમામ વિભાગે ૬ ઘાયલ કર્મચારીઓને બચાવી લીધા હતા. એક કલાકની જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. તે સાથે તંત્ર એ મોકડ્રિલ હોવાની પુષ્ટિ કરી હતી. જેને કારણે સુગર કર્મચારીઓ, નગરજનો અને બચાવ ટીમો એ રાહત નો શ્વાસ લીધો હતો. ગણદેવી સુગરના ડિરેકટર અભિષેક પટેલ, અધિકારીઓ ધીરજલાલ કાપડીયા, શૈલેષ પટેલ, ગજેન્દ્ર રાજપૂત, આ ઉપરાંત સ્વસ્તિક ઓઈલ, ગુજરાત ગેસના રશેષ દેસાઈ, વારી એનર્જીના અનંત પટેલ, થાઈસ પ્રિસીશનના નિખિલ પટેલ, એનએચબી, વીન્ડ્સર કંપનીના સેફ્ટી ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગમાં ઈંધણની અછતની અફવાથી જનતા પરેશાન

કોંગ્રેસનું આક્રમક વલણ, જિલ્લા પુરવઠા અધિકારીને સમસ્યાઓનો નિકાલ લાવવા રજૂઆત

સાપુતારા : ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ-ડીઝલની અછતની અફવા અને રાંધણ ગેસના પુરવઠામાં અનિયમિતતાને કારણે અંધાધૂંધી વ્યાપી છે. આ પરિસ્થિતિ સામે ડાંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલ ઠાકરેની આગેવાનીમાં જિલ્લા પુરવઠા અધિકારીને સમસ્યાઓનો નિકાલ લાવવા રજૂઆત કરી હતી.

પેટ્રોલ-ડીઝલ ખૂટી પડવાની અફવાઓને કારણે પંપો પર વાહનચાલકોની લાંબી લાઈનો લાગે છે, જેનાથી નોકરિયાત વર્ગ અને ઈમરજન્સી સેવાઓને માઠી અસર થઈ રહી છે. ગેસ જોડાણ માટે ફરજિયાત e-KYC ની પ્રક્રિયામાં સર્વર ડાઉન રહેતા આદિવાસી પરિવારોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે. ગેસના અનિયમિત પુરવઠાને લીધે ગૃહિણીઓ સહિત નાના હોટેલ સંચાલકો અને લારી-ગલ્લાવાળાઓની આજીવિકા જોખમાઈ છે. જિલ્લા પ્રમુખ સ્નેહલ ઠાકરે જણાવ્યુ હતુ કે ગરીબ આદિવાસી પરિવારો મજૂરી છોડીને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા છતાં ટેકનિકલ ખામીને લીધે ધક્કા ખાઈ રહ્યા છે. વહીવટી તંત્ર આ વ્યવસ્થામાં ત્વરિત સુધારો કરે તે અનિવાર્ય છે. કોંગ્રેસે માંગ કરી છે કે તંત્ર ઈંધણના જથ્થા બાબતે સ્પષ્ટતા કરે અને કાળાબજાર રોકવા માટે સઘન ચેકિંગ હાથ ધરે. જો આગામી દિવસોમાં સ્થિતિમાં સુધારો નહીં આવે, તો જનતાના હિતમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

આલીપોર બ્રિજ પાસે ડાયવર્ઝનથી અકસ્માતની ભીતિ

આયોજનના અભાવે વાહન ચાલકોએ જીવન જોખમે અધવચ્ચે હાઇવે ક્રોસ કરી જવાની નોબત

ડાયવર્ઝન આપતી વખતે સુરક્ષાના તમામ માપદંડો નેવે મૂકી દેવામાં આવ્યા

ઘેજ : આલીપોર બ્રિજ પાસે ડાયવર્ઝનને પગલે નેશનલ હાઈવે પર જીવના જોખમે રોડ ક્રોસ કરતા વાહનોમાં અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે ત્યારે પોલીસ દરમિયાનગીરી કરે તે જરૂરી છે.

હાઈવે ઓથોરિટીની ઘોર બેદરકારી ભર્યા કારભારમાં નિર્દોષ વ્યક્તિનો જીવ જોખમાય તો નવાઈ નહીં.

ચીખલીના આલીપોર પાસે વસુધારા રેરી સ્થિત ઓવરબ્રિજ નીચે છેલ્લા ચાર-પાંચ દિવસથી પેવર બ્લોક નાંખવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે આયોજનના અભાવે વાહન ચાલકોએ જીવન જોખમે અધવચ્ચે નેશનલ હાઈવે ક્રોસ કરી જવાની નોબત આવી છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આલીપોર ઓવરબ્રિજ નીચે પેવર બ્લોકનું કામ ચાલુ હોવાથી માત્ર ડાયવર્ઝનનું બોર્ડ મારી વાહન ડાયવર્ટ કરવામાં આવ્યા છે. પરંતુ આ ડાયવર્ઝન આપતી વખતે સુરક્ષાના તમામ માપદંડો નેવે મૂકી દેવામાં આવ્યા છે. ભારે વાહનો અને ખાનગી કાર તેમજ મોટર સાયકલ ચાલકો મજબૂરી વશ પોતાનું વાહન જીવના જોખમે નેશનલ હાઈવેના ચાલુ ટ્રાફિકમાં ક્રોસ કરવા મજબુર બન્યા છે. ત્યારે મુંબઈથી અમદાવાદ તરફ જતા ટ્રેક ઉપર પણ પૂરપાટ ઝડપે આવતા વાહનો અને આ ડાયવર્ઝનમાંથી અચાનક બહાર નીકળતા વાહનો વચ્ચે માત્ર ગણતરીની સેકન્ડોનું અંતર રહેતુ હોય છે. ત્યારે કોઈ કારણોવશ બ્રેક ન મારી શકાતા કે સ્ટિયરિંગ પર કાબુ ન રહેતા મોટો અકસ્માત સર્જાય અને કોઈ હસતો-રમતો પરિવાર વિખેરાઈ જાય તેવી ભીતિ હાલ સેવાઈ રહી છે. ત્યારે હાઈવે તંત્ર વહેલી તકે બ્લોકનું કામ પૂર્ણ કરી ઓવરબ્રિજ નીચેનો માર્ગ પુનઃ વાહન વ્યવહાર માટે ખુલ્લો મૂકે તેવી માંગ હાલે ઉઠી રહી છે.

ધૂળની ઉડતી ડમરીના કારણે વાહનચાલકોને હાલાકી

નેશનલ હાઈવેની સાઈડમાં મોટા પ્રમાણમાં ઝીણી ધૂળના જમાવડાના કારણે જ્યારે પણ કોઈ મોટું ભારે વાહન પસાર થાય ત્યારે ધૂળની ડમરીઓના કારણે પાછળ આવતા વાહન ચાલકો માટે ઝીરો વિઝિબિલિટી જેવી સ્થિતિ સર્જાય છે. પૂરપાટ ઝડપે દોડતી કાર કે બાઈક સવારને આગળનો રસ્તો ન દેખાતા અકસ્માતનો ભય રહે છે.

તલોધની કિશોરીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

બીલીમોરા : બીલીમોરા નજીક આવેલા તલોધ ગામના સિંગલ ફળીયામાં રહેતી ૧૬ વર્ષીય પલ્લવી કનૈયાલાલ વર્માએ પોતાના ઘરે છતના લાકડાના મોભ સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. ઘટના સમયે પલ્લવીના પિતા પોતાના પાનના ગલ્લા પર હતા, માતા જીઆઈડીસીમાં કામે ગયા હતા અને નાની બહેન પણ શાળાએ ગઈ હતી.

ઘરમાં કોઈ હાજર ન હોવાથી પલ્લવીએ આ આત્મઘાતી પગલું ભર્યું હતું. માર્કેટમાં કામ કરતો તેનો ભાઈ બપોરે જ્યારે ઘરે આવ્યો ત્યારે આ ઘટનાની જાણ થઈ હતી. કિશોરીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. હાલમાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

છેલ્લો ચાન્સ! વર્ષ પૂર્ણ થવા પહેલાં ટેક્સ ભરો

હવે રજાના દિવસોમાં પણ પાલિકાની કચેરીઓ કાર્યરત રહેશે, જેથી નાગરિકો ટેક્સ ભરી શકે

નવસારી : નાણાકીય વર્ષ 2025-26ના અંતિમ દિવસો નજીક આવતા નવસારી મહાનગરપાલિકાએ ટેક્સ વસૂલાતમાં ગતિ લાવવા અને નાગરિકોને સરળતા પૂરી પાડવા માટે મોટો નિર્ણય લીધો છે. રજાના દિવસોમાં પાલિકાની કચેરીઓ કાર્યરત રહેશે, જેથી નાગરિક ટેક્સ ભરવામાં પાછળ ન રહી જાય. 28 માર્ચથી 31 માર્ચ દરમિયાન શનિવાર-રવિવાર સહિત તમામ દિવસોમાં પાલિકાની મુખ્ય કચેરી સાથે વિવિધ વિભાગીય કચેરીઓ અને સિવિક સેન્ટરો ખુલ્લા રહેશે. સવારે 10:00 થી સાંજે 6:00 સુધી ટેક્સ ભરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે, જેના કારણે નાગરિકો માટે મોટી રાહત સર્જાઈ છે. નાગરિકો નવસારી મહાનગરપાલિકા મુખ્ય કચેરી, વિજલપોર વિભાગીય કચેરી, જલાલપોર સિવિક સેન્ટર, ટીઘરા સિવિક સેન્ટર (હાઉસિંગ બોર્ડ પાસે), કબીલપોર વિભાગીય કચેરી, ઘારાગીરી સિવિક સેન્ટર, એરુ સિવિક સેન્ટર તેમજ દાંતેજ સિવિક સેન્ટર પર જઈને પોતાની બાકી રકમ ચૂકવી શકશે.

જાહેર નિવિદા નં. ૪૭/૨૦૨૫-૨૬(ત્રીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાજિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ટી.એ.એસ.પી.૨૦૨૪-૨૫ યોજના અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓપાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.

(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.

(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.

(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ	૨૭/૦૩/૨૦૨૬
ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય	૩૦/૦૪/૨૦૨૬, ૧૮.૦૦ કલાક
બીડ ખોલવાની તારીખ	૩૦/૦૪/૨૦૨૬, ૧૮.૧૦ કલાક

ક્રમ	કામનું નામ	રકમ રૂ. લાખમાં	ટેન્ડર ફી
૧	કન્સ્ટ્રકશન ઓફ હુંબાપાડા વિલેજ પ્રાયરી સ્કુલ થી અંબિકા રીવર સુધી રોડ (ચે.૦/૦ ટુ ૧/૫૦૦) તા.આહવા જી.ડાંગ	૬૧.૪૩	૨૪૦૦/-
૨	કન્સ્ટ્રકશન ઓફ કાકશાળા વિલેજ મેઇન રોડ ટુ હોન્યાભાઇના ઘર તરફ જતો રસ્તો (ચે.૦/૦ ટુ ૧/૦૦) તા.સુબીર જી.ડાંગ	૪૦.૯૨	૧૫૦૦/-
૩	કન્સ્ટ્રકશન ઓફ બિલીઆંબા વિલેજ ગાય ગોઠણથી તાપી જિ.બોર્ડર સુધી રોડ તા.સુબીર જી.ડાંગ	૩૯.૮૭	૧૫૦૦/-
૪	કન્સ્ટ્રકશન ઓફ ગડદ વિલેજ સાયમાળ તરફ જતો રોડ (ચે.૦/૦ ટુ ૧/૨૦૦) તા.આહવા	૫૯.૪૨	૨૪૦૦/-
૫	કન્સ્ટ્રકશન ઓફ ડોન વી.એ. રોડ (ચે.૦/૦ ટુ ૨/૦૦) તા. આહવા જી.ડાંગ	૫૫.૬૪	૨૪૦૦/-
૬	કન્સ્ટ્રકશન ઓફ ચિંચઘરા વિલેજ ટુ ભામભાઈના ઘર તરફ રોડ (ચે.૦/૦ ટુ ૧/૫૦૦) તા.આહવા જી.ડાંગ	૬૭.૯૧	૨૪૦૦/-

કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક ફોરમેટમાંજ જોવા મળશે અને વેબસાઈટ "http://tender.nprocure.com" પરથી ડાઉનલોડ કરી શકાશે.

કાર્યપાલક ઈજનેર
ડાંગ પંચયાત (મા*મ) વિભાગ
આહવા

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૨૮૧/૨૦૨૬

દબાણ સામે દંડની વસૂલાત થશે

બીલીમોરા પાલિકાના સખ્ત વલણ સાથે દબાણકર્તાઓમાં ફફડાટ

બીલીમોરાઃ બીલીમોરામાં જાહેર રસ્તાઓ અને બાંધકામના માર્જિનની જગ્યામાં થતાં ગેરકાયદે દબાણોને દૂર કરવા માટે પાલિકા તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. આગામી ૧ એપ્રિલ ૨૦૨૬ થી નવા નિયમો અમલી બનશે, જેમાં દબાણ કરનારાઓ પાસેથી તગડો દંડ વસૂલવાની અને સામાન જપ્ત કરવામાં આવશે.

બીલીમોરામાં અનેક લોકો માર્જિનની જગ્યામાં હંગામી પતરાના શેડ બનાવીને, લારી-ગલ્લા ઊભા રાખીને કે તહેવારો દરમિયાન મોટા મંડપ અને એક્ઝિબિશન બાંધીને વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરે છે જેથી ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, આ બાબતે તંત્ર દબાણકર્તાઓ સામે સીધી કાર્યવાહી કરવાની તૈયારી કરી લીધી છે.

દંડના નવા માળખા મુજબ, જો કોઈ વ્યક્તિ ૨૦ ચોરસ મીટર સુધીની જગ્યામાં પતરાનો શેડ બનાવીને દબાણ કરશે, તો તેને પ્રથમ નોટિસમાં ૩,૦૦૦, બીજી નોટિસમાં ૫,૦૦૦ અને ત્રીજી નોટિસ બાદ ૧૦,૦૦૦ સુધીનો દંડ ભરવો પડશે. તેવી જ રીતે લારી-ગલ્લા કે અન્ય સામાન મૂકીને દબાણ કરનારાઓ માટે પ્રથમ નોટિસમાં ૧,૫૦૦થી શરૂ કરી ત્રીજી નોટિસમાં ૫,૦૦૦ સુધીનો દંડ નક્કી કરવામાં આવ્યો છે. જો દબાણનો એરિયા મોટો હશે, તો વધારાની જગ્યા મુજબ અલગથી ચાર્જ વસૂલાશે. પાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે દરેક નોટિસ વચ્ચે ૭ દિવસનો સમયગાળો આપવામાં આવશે.

જો અંતિમ નોટિસ બાદ પણ દબાણકર્તા દ્વારા જગ્યા ખાલી કરવામાં નહીં આવે, તો નગરપાલિકા પોતે દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરશે. આ દરમિયાન તમામ માલ-સામાન જપ્ત કરી લેવામાં આવશે અને તેનો ખર્ચ પણ દબાણકર્તા પાસેથી જ વસૂલવામાં આવશે.

બૅંક ઑફ બડૌદા
Bank of Baroda

આશાનગર શાખા : જશ આર્કેડ, ક્રિષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત–૩૯૬૪૪૫, ફોન નં. ૯૦૨૩૫૩૯૧૮૮
email : vjnavs@bankofbaroda.com

વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ

બૅંક ઓફ બરોડા અધિકૃત અધિકારીએ નીચેના લોન ખાતાઓમાં જારી કરાયેલી નોટિસના અનુસંધાનમાં નીચેના વાહનોનો કબજો "જ્યાં છે ત્યાં છે" અને "જેમ છે તે પ્રમાણે છે" પર બેંકની વસૂલાત માટેના આધારે વેચવાના અધિકાર સાથે લીધા હતા. બાકી લેણાં વત્તા વ્યાજ અહીં વિગતવાર દર્શાવેલ છે અને જવાર બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે, વાહન વેચાણની હરાજી નીચેના વાહનો માટે કરવાની જાહેર નોટીસ.

હરાજીની તા.૨૯/૦૪/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦,
બીડ ભરવાની છેલ્લી તારીખ અને સમય : ૨૯.૦૪.૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦
નિરિક્ષણ તારીખ અને સમય : ૨૭/૦૪/૨૦૨૬, સવારે ૧૦: ૦૦ થી સાંજે ૪:૦૦

અ. નં.	દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું	વાહન ની વિગતો	બાકી લેણા (રૂ. લાખમાં)	અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ	૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા
૧	શ્રીમતી તોરલ પારેખ અને શ્રી ધવલ પારેખ ૪ વિજય પાર્ક સોસાયટી, લુન્સીકુઈ નવસારી, ગુજરાત– ૩૯૬૪૪૫	HUNDAI AURA 1.2MT CNG 5 GJ21CC5520	રૂા.૬,૯૩, ૬૬૫.૪૪	૧) રૂા. ૫,૫૦,૦૦૦/– ૨) રૂા. ૫૫,૦૦૦/– ૩) રૂા. ૫,૦૦૦/–	૧. ૭૮૦૫૦૦૧૫૧૮૧૬૯ ૨. BARBOVJNAVS ૩. નવસારી

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો નીચે આપવામાં આવેલ છે.

અનું. નં.૧	BAANKNET મિલકત આઈડી : BARB78051660	હરાજી આઈડી –

* પર્કિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શકે છે.**અધિકૃત અધિકારી સંપર્ક અધિકારી : ૮૨૯૧૨૨૦૨૨૦.**

તારીખ : ૨૮.૦૩.૨૦૨૬ । સ્થળ : નવસારી | **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**